
# અર્હદ્ પ્રેરણા પત્ર

## ગુરુ તીર્થ સ્પર્શના



વર્ષ : 26 ❖ અંક : 11
S.No. : 421 ❖ તા. 16-2-2020 ❖ ફેબ્રુઆરી
છૂટક નકલ : રૂા. 6/-



દીપ પ્રાગટ્ય



શિબિર રજીસ્ટ્રેશન કરાવતાં એલર્ટ યુવાનો



વિવિધ એક્ટિવીટી માટેના કાર્યાલય



ભારતભરના ૯ રાજ્યોમાંથી પધારેલ ૧૮૦૦થી અધિક શિબિરાર્થીઓથી ખીચોખીચ ભરાઈ ગયેલ સભામંડપ



૯-૯ આચાર્ય ભગવંતો સહિત વિશાળ શ્રમણ ભગવંતોની પાવનનિશ્રા



૨૦૦થી અધિક પૂ.સાધ્વીજી ભગવંતોની પાવનનિશ્રા

સૌજન્ય : માતુશ્રી-શોભનાબેન અમરીષભાઈ-શાહ, હ. ભાવિન, શ્રેણુજ

તં દેવદેવ મહિઅં સિરસા વંદે મહાવીરમ્

અર્હદ્ પ્રેરણા પત્ર

વર્ષ : 26 ❖ અંક : 11
S.No. : 421 ❖ વિ.સં.2076
તા.16-2-2020 ❖ ફેબ્રુઆરી

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

૨૪૩, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળ,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - ૪.
ફોન : 022-23631564, 23808621
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514

આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–




॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

**દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**

**લેખક : પ.પૂ.મુનિશ્રી હૃદયરત્ન વિ.મ.**



# પ્રાર્થના



હે સમતાના સાગર ! હે કૃપાળુ દેવાધિદેવ ! પ્લીઝ હેલ્પ મી ! હવે તું જ મને મદદ કરી શકીશ. હે નાથ ! સમજણો થયો ત્યારથી જ મારી પાછળ ક્રોધ નામનો પિશાચ પડી ગયો છે. પહેલાં મોટી બાબતોમાં હું ગુસ્સે થઈ જતો હતો. ક્રોધથી ધમધમી ઉઠતો હતો. હવે તો હે ભગવાન ! નાની નાની બાબતોમાં પણ મારો પીત્તો ફાટી જાય છે.

પ્રભુ ગુસ્સે થઈ ગયા પછી મને ઘણોય પછતાવો થાય છે. હું ખૂબ નિરાશ થઈ જાઉં છું. કારણ દરેક વખતે મને ગુસ્સાના કારણે કંઈકનું કંઈક નુકશાન વેઠવાનું આવ્યું છે. ઘરમાં હવે એકેય કાચના વાસણો રહ્યા નથી. કાચની બારીઓ પણ હવે બદલી પ્લાસ્ટિકની નાંખી છે. એકવાર પણ ક્રોધનું ફળ મીઠું આવ્યું નથી.

હે દયાળુ ! હવે તું મારા ઉપર દયા કર ! આજે તો મારી પત્ની પણ બાળકોને લઈ મારા ત્રાસથી ઘર છોડી ચાલી ગઈ છે. હું ઘરમાં દાખલ થાઉં છું. ત્યારે જાણે વાઘ કે વરુ દાખલ થયું હોય એમ બધા ધ્રુજવા લાગે છે. મને કોઈ પ્રેમથી બોલાવતું પણ નથી. મિત્રો પણ મારાથી અળગા થઈ ગયા છે. બાળકોએ પણ મારી નજીક આવવાનું ક્યારનું ય છોડી દીધું છે. ભગવાન ! જાણે હું આગ હોઉં એમ આખો દિવસ રાતોપીળો રહ્યા કરું છું.

હે દયાળુ ! તું જ બતાવ હું શું કરું ? હે દયાળુ ! મારે હવે આગ નહિ, પાણી બનવું છે. મારે હવે નફરત નહિ, પ્રેમ જોઈએ છે. તું મારા ક્રોધને અંતરમાંથી બહાર કાઢી પ્રેમ અને સમતાને બિરાજમાન કર ! તારા સિવાય હવે આ કામ કોઈ નહિ કરી શકે !

# સંવેદના

દુનિયાના મોટાભાગના તત્ત્વોનું કે ચીજોનું નિર્માણ બીજા માટે થયું છે. પરાર્થકરણ માટે થયું છે. પૃથ્વીનું કામ સંસારને સતત ધારણ કરી રાખવાનું છે. પોતા માટે કંઈ નહિ ! પાણીની નદીઓ પ્રાણીઓની તરસ છીપાવવા વહે છે. વરસાદ જગત ઉપર ઉપકાર કરવા વરસે છે. અગ્નિ માણસનું જીવન ચલાવવા સળગે છે. સૂરજ અને ચંદા જગત ઉપર નિત્ય સતત ઉપકાર માટે ઉગે છે ને આથમે છે.

ગાય જીવતાં દૂધનું દાન કરે છે. બદલામાં સ્વાર્થી માણસ તેને ઘરડી થતાં કતલખાને ધકેલે છે. બળદ ખેતરમાં મજૂરી કરી જીવે છે ખેડૂત માટે, ઘોડા માલિકને પ્રવાસ કરવા જીવે છે. કૂતરો માલિકના ઘરની રક્ષા કરે છે.

વનસ્પતિ બધા જ પ્રાણીઓના પેટ ભરે છે. વાયુ લોકોના શ્વાસોશ્વાસ બની જીવાડે છે. એક માણસ નામનું પ્રાણી માત્ર પોતાના સ્વાર્થ માટે જ જાણે જીવે છે. કુદરતે આપેલી તેની શક્તિ, બુદ્ધિ અને આયુષ્યનો ઉપયોગ પોતાનું પેટ ભરવા માટે જ કરે છે. તે માટે ઉપકારી એવા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિનો નાશ કરવો પડે તોય કરતાં અચકાતો નથી ! ઉપકારી પ્રાણીઓને ચીરી નાંખતાં તેને દયા પણ આવતી નથી. અરે ! ખુદના મા–બાપને પણ સંપત્તિ ખાતર ગોળીએ ચડાવે છે.

ખરેખર જે માનવો આ જગત ઉપર ઉપકાર કરે છે, બીજાને મદદ કરે છે, બીજાનું હિત કરે છે તેવા માનવરત્નોને મારા શતશત નમસ્કાર હો !



**હેમસૂત્ર** સ્વયંના સુખો જીવી જાણે તે સજ્જન છે. અન્યના સુખોને જીરવી જાણે તે ધર્માત્મા છે. સુખોને વહેંચતો ફરે તે મહાત્મા છે.


# 27- यतितव्यं योगसिद्धौ (3)

## યોગ સિદ્ધિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

યોગબીજો ક્યાં છે ?

યોગબીજો આત્મામાં ક્યારે ગ્રહણ થઈ શકે ? તેના માટેની આત્માની યોગ્યતા, તેનો સમય, ત્રણ પ્રકારના જીવો. આ બધી વાત થઈ.

ચરમાવર્તમાં આવેલો જીવ યોગબીજો ગ્રહણ કરી શકે છે. તમે ચરમાવર્તમાં આવ્યા છો કે નહિ તેની સંભાવના અગાઉ કહેલા ત્રણ લક્ષણોથી જાણી શકાય. આવા લક્ષણો જો તમારામાં થોડા પણ ઘટતા હોય તો ખૂબ આનંદની વાત છે. જો કે પ્રભુએ તો જૈન માત્રને ૪થા ગુણસ્થાનકે અર્થાત્ યોગી-સમ્યગ્દૃષ્ટિ કહ્યા છે. પ્રભુ યોગીઓના નાથ યોગીશ્વર છે. શાસ્ત્રમાં ૫ પ્રકારના યોગોની વાત કરી છે. તેની વાત હવે પછી કરીશું. તે યોગો પૈકી એકાદ યોગ પણ જો તમારામાં ઘટતો હોય તો સમજવું તમારા આત્માએ અગાઉ આવા યોગબીજો ગ્રહણ કરેલા છે. માટે તમારા જીવનમાં અધ્યાત્મ આદિ યોગો દેખાય છે.



આપણે અહીં યોગબીજો ક્યાં છે ? શું છે તેની વાત કરવી છે. જે આગળ પણ કહ્યું છે. આ બધુ વાંચવું પણ તેવા જ જીવોને ગમશે જેમને તત્ત્વજિજ્ઞાસા જાગૃત થઈ છે. બાકીનાને આવું વાંચી પ્રેરણાપત્ર મૂકી દેવાનું મન થવાનું. તેને મનમાં થશે 'આમાં આપણું કામ નથી' મૂકો યોગ ક્ષેત્રની વાતો ! આવા મિત્રોને મારે કહેવું છે કે યોગ જીવનમાં લાવવો હોય તો જિનવચનો રૂપી ઔષધો લેવા પડશે. આવું વાંચન, શ્રવણ કરવું પડશે તો અંદરનો મેલ ધોવાશે ! આત્મા કંઈક ઉજળો બનશે તો અધ્યાત્મ તરફ રૂચિ થશે અને તો જ જીવનું કલ્યાણ થશે. નહિતર આ સંસાર અનંતકાળથી છે અને અનંતકાળ સુધી ભટકવાનું થશે. આવી સમજ આ જનમમાં અને તેય આવા વીતરાગ પ્રભુના શાસનમાં જ મળશે. બીજે ક્યાંય આ જ્ઞાન નહિ મળે, જે તમારા અંતરના મેલ ધોઈને ચોખ્ખા કરી આપે.

ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ યોગદૃષ્ટિ સમુચ્ચય નામના ગ્રંથમાં આ યોગબીજોની વાત કરી છે. યોગબીજ એટલે એક જાતની મન-વચન-કાયાની કુશલ (શુભ) પ્રવૃત્તિ છે. તે પ્રવૃત્તિ કેવી હોય ત્યારે તે યોગબીજ રૂપે બને અને જીવનમાં યોગના આગમનના દરવાજા ખોલે ? તમને હમણાં પહેલા યોગબીજની વાત કરીશ તો તમને થશે મહારાજ આ તો અમે નાનપણથી કરીએ છીએ ! તમે નવું શું લાવ્યા ? જૈન સમાજમાં પ્રત્યેક જૈન આવી પ્રવૃત્તિ તો કરે છે !

મેં પહેલાં જ કહ્યું કે, જૈન કુળમાં જન્મ લેનાર મોટાભાગે યોગભ્રષ્ટ આત્માઓ હોય છે એટલેકે પૂર્વજન્મમાં કોઈ આવો યોગ-ધર્મની પ્રવૃત્તિ કરતાં કરતાં જ આયુષ્ય પૂરું થઈ ગયું એટલે તે ધર્મક્રિયા, તપ-સાધના-આરાધના અધૂરી રહેલી પૂરી કરવા કર્મસત્તા એક ચાન્સ આપે છે અને આ ભવમાં તે અધુરા યોગને સાધવાની તમામ સામગ્રી, જેમાં વીતરાગદેવ, પંચ-મહાવ્રતધારી ગુરુઓ, સુંદર દેહ, નિર્મળ બુદ્ધિ, ધર્મની રૂચિ વગેરે પણ સાથે આપે છે. જેનાથી તમે તે આરાધનાને આગળ વધારી શકો. તેમ છતાં કેટલાક જીવો મોહવશ બની આ બધુ ભૂલી જાય છે.

આ યોગબીજો આત્માનો મોક્ષ ન થાય ત્યાં સુધી ઉત્તરોત્તર શુદ્ધિપૂર્વક ગ્રહણ કરવાના છે. એટલે શરૂઆતમાં પરમાત્મા ઉપર સદ્‌ભાવ ઉત્પન્ન થાય આગળ વધી અહોભાવ અને અત્યંત શ્રદ્ધાપૂર્વક પરમાત્માને જ સર્વસ્વ માને ત્યાં સુધી ભાવો આત્મામાં ડેવલપ થાય માટે યોગબીજોનું સતત સેવન કરવાનું છે.

પ્રથમ યોગબીજ છે. **'જિનેષુ કુશલં ચિત્તં'** જિનેશ્વર પરમાત્મા ઉપર અત્યંત શુભભાવવાળું આપણું ચિત્ત તે પહેલું યોગબીજ છે.

પરમાત્માની આરાધના, ભક્તિ, ઉપાસના વગેરે કરતાં આપણા મન-વચન-કાયાની પ્રવૃત્તિ કેવી હોય તેની વાત કરીએ.

મનથી જિનેશ્વર પરમાત્માનું કુશળ ચિંતન-શુભ ચિંતન (જેની વાત આગળ આવશે) વચનથી જિનાલયમાં આદિ સ્થાનોમાં તેમની સ્તુતિ કરવી. સ્તવન બોલવા, ભક્તિગીતો ગાવા વગેરે અને કાયાથી તેમની શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પૂજા કરવી, ખમાસમણા આપવા, પ્રદક્ષિણા આપવી, યાત્રાઓ કરવી આદિ જેમાં કાયાને શ્રમ પડે, કાયાથી પ્રયત્ન કરવો પડે તેવી તમામ આરાધના આવશે. આમ ત્રણ પ્રકારે પણ યોગબીજ કહેવાય છે. એટલે મનથી - ૧લું, વચનથી - ૨જું, કાયાથી - ૩જું યોગબીજ અને ત્રણે સાથે મળીને પણ ૧ યોગબીજ કહેવાય છે.

શાસ્ત્રમાં આ યોગબીજને શ્રેષ્ઠ કહ્યું છે. બાકીના બીજો ત્યારપછી છે. જે આત્માઓ જીવનમાં જિનેશ્વર પરમાત્માની ભક્તિ દ્રવ્ય અને ભાવથી જેમ જેમ કરતા જાય તેમ તેમ તેમની આત્માની ભૂમિમાં આ યોગબીજો વવાતા જાય છે. સાથે સાથે ભાવમલ ક્ષય થવાથી યોગ્યતા આવી હોય તો તે યોગબીજો આત્મામાં ગ્રહણ થતા જાય અને આગળ જતાં જીવનમાં યોગના વૃક્ષો ઉગવા લાગે છે.

આપણામાં ખૂટતી કડીની વાત કરું ! જિનેશ્વર પરમાત્માની ભક્તિ તમે કરો છો, પૂજા કરો છો, અનેક બીજા પણ અનુષ્ઠાનો કરો છો. તે બધાયમાં કેન્દ્રમાં તો જિનેશ્વર પરમાત્મા છે. જ્યાં

સુધી જિનેશ્વર પરમાત્માની સાચી ઓળખ ન થાય. ત્યાં સુધી ભક્તિ જામે નહિ. પરમાત્મા કેટલા મહાન છે? નમુત્થુણં સૂત્રમાં તેઓશ્રીના ૩૩ વિશેષણો આપ્યા છે. વર્ધમાન શક્રસ્તવમાં ૨૭૩ વિશેષણોથી પરમાત્માને નમસ્કાર કર્યા છે. આ બધા વિશેષણો ઉપર તમને શ્રદ્ધા કેટલી? ભગવાન જ્યાં સુધી મહાન ન લાગે ત્યાં સુધી અહોભાવ ન જાગે અને અહોભાવ ન જાગે ત્યાં સુધી ભક્તિ કે અનુષ્ઠાનોમાં પ્રાણ પૂરાય નહિ, ભક્તિ જીવંત ન બને, અનુષ્ઠાનો યોગબીજ ન બને. પ્રભુ મહાન ક્યારે લાગે? તેમનો પરિચય હવે જોઈશું.

જિનેશ્વર પરમાત્મા ઉપર પ્રીત કેમ જાગતી નથી?

**'જિનેષુ કુશલં ચિત્તં'** જિનેશ્વર ઉપર ચિત્ત ક્યારે ચોંટે? ભગવાન કેવા મહાન, કેવા સર્વસ્વ, કેવા હૈયાના હાર, કેવા દિલડાના તાર, કેવા મસ્તકના મુગટ લાગ્યા હોય, તરણ તારણ જહાજ માત્ર બોલવામાં નહિ! અંતર તેમનાથી ભીનું ભીનું થયું હોય ત્યારે પ્રભુ પ્રત્યે અહોભાવ પ્રગટે! પ્રતિમાના દર્શન થાય અને અહો અહોથી હાથ પહોળા થઈ જાય. બન્ને નેત્રો વિસ્ફારિત બને, શરીર ઉપર રોમાંચ ખડા થઈ જાય. દિલ, દિમાગ અને ચક્ષુ પ્રભુના વદન ઉપર જ ચોંટી જાય, નિરખ્યા જ કરીએ. નિરખ્યા જ કરીએ. મુખ બોલવા માટે ઘણું તલસે પણ શબ્દો જ ના નીકળે! બસ મૌન છવાઈ જાય, શબ્દોની જગ્યાએ ક્યારેક અશ્રુબિંદુઓ ટપકવા લાગે. પ્રભુ તું કેવો? કોની સાથે સરખાવું? તારું રૂપ, તારા ગુણ, બધું જ અદ્ભુત!!!

શમોऽद्‌भुतोद्‌भुतं रुपं सर्वात्मसु कृपाद्‌भुताः ।

सर्वाद्‌भुत निधीशाय, तुभ्यं भगवते नमः ॥ वीतराग स्तोत्र

હે નાથ! વિશ્વમાં તારી સમતા ખરેખર અદ્ભુત છે! તારું રૂપ તેથી ય અદ્ભુત! વિશ્વના જીવો ઉપર તારી કરૂણા પણ અદ્ભુત! હે જિનેશ્વર! તારામાં રહેલી અદ્ભુત વસ્તુઓ કેટલી ગણું? તારું તો બધું જ અદ્ભુત છે! તું ખરેખર અદ્ભુતનો નિધિ છે, ખજાનો છે. આ વિશ્વમાં જે કંઈ અદ્ભુત છે તે ખરેખર તારામાં સંક્રાંત થયું છે.

પ્રભુને મહાન સિદ્ધ કરવા માટે દુનિયાની ચીજો જે તમને મહાન, અદ્ભુત લાગી છે તેને વિચારો... ભૌતિક દુનિયામાં સાત અજાયબીઓ ગણાય છે. તેને તમે અદ્ભુત ગણો છો! પણ તમને પૂછું છું કે, તે અદ્ભુત અજાયબીઓએ તમને શું આપ્યું? તમારા આત્માનું શું કલ્યાણ કર્યું? તાજમહલ તમે જોઈને આવ્યા તેના દર્શને તમને શું મળ્યું? પોતાની રાણીના દુન્યવી પ્રેમમાં રાજાએ તેની સ્મૃતિ રહે તે માટે તેના મડદા ઉપર એક કલાકૃતિ ઊભી કરી અને દુનિયાના મોહગ્રસ્ત જીવો તે જોઈ જોઈને અહાહા શું અદ્ભુત! કહ્યા કરે અને આત્મામાં ચિક્કાર પાપ કર્મો બાંધ્યા કરે!

તમે કહેશો મહારાજ! તે કલાકૃતિની તમને કિંમત ન હોય! હીરાની કિંમત તો ઝવેરી જ કરે, તમારું કામ નહિ. આવી અદ્ભુત કલાકૃતિને તમે મડદા ઉપર બાંધેલી કબર કહો છો!

હું તમને ફરીથી પૂછું છું કે, તે અદ્ભુત કલાકૃતિ જોઈને તમારી પ્યાસ બુઝાઈ? તમારી ભૂખ ભાંગી? શું તમારા ઘરમાં સોનાનો સૂરજ ઊગ્યો? શું તમારા આત્મામાં અજવાળા પથરાયા? શું થયું તે તો કહો? તમે જો જૈન ધર્મ પામ્યા છો તો જરા તત્ત્વને જોતાં શીખો! દરેક ચીજોમાં, દરેક પ્રસંગોમાં તત્ત્વ શું છે તે તપાસો અને જે ચીજ કે જે પ્રસંગો તમારા આત્માનું થોડુંક પણ ભલું કરતા હોય તો ચોક્કસ તેનાથી પ્રભાવિત થાઓ.

દુનિયાની અદ્ભુત ચીજો માત્ર મોહનો નાચ છે. તેનાથી પ્રભાવિત ન થાઓ. અજાયબી જોવી હોય તો સાધુનું જીવન જુઓ! એક પણ પૈસા વિના કે કોઈનીય સહાય વિના આખું જીવન પરમાત્માના શરણે સમર્પિત કરી જીવી જનારાને જોઈ પ્રભાવિત થાઓ તો તમારા આત્મામાંથી ચારિત્રાવરણીય કર્મોનો ભૂક્કો બોલવા લાગશે. ભવાંતરમાં ચારિત્ર ઉદયમાં આવશે અને તમને ખુદને દુનિયાની અજાયબી બનાવશે.

પરમાત્માની વીતરાગતા તે કેટલી અદ્ભુત ઘટના છે તે વિચારવાનું તમારું કે મારું પણ ગજુ નથી. ચોવીસે કલાક રાગમાં રગદોળાતા જીવોને વીતરાગતાનો ટેસ્ટ પણ ન મળે ત્યાં વીતરાગતા કેવી હોય? તે શી રીતે કહી શકવાનો?

કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્ય, ભગવાન હરિભદ્રસૂરિ, મહોપાધ્યાય યશોવિજયજી, અવધૂત આનંદઘનજી, કવિવર દેવચંદ્રજી, ચિદાનંદજી વગેરે અનેક કવિઓએ પ્રભુના ગુણગાન ગાવા કલમો ચલાવી છે. પ્રભુની પાછળ પાગલ બન્યા છે. પોતાના આયખા પ્રભુની યાદમાં પૂરા કર્યા છે.તેમની તે લગન, તે પાગલપન, તે અહોભાવ, તે પ્રીતને ઓળખવા આપણે હજુ જન્મારા લેવા પડશે. તેઓને પ્રભુ કેવા મહાન લાગ્યા હશે?

તે પૂજ્યો કહે છે કે, તમારે પરમ સાથે પ્રીત બાંધવી હોય તો સંસાર સાથેની પ્રીત તોડી પરમ સાથે જોડવી પડશે. સંસારની નાશવંત ચીજોને અદ્ભુત કહેનારી તમારી દૃષ્ટિને સલામ કરું! પણ તે દૃષ્ટિને પ્રભુની શાશ્વત ચીજોમાં જોડો પછી જુઓ કમાલ! અને એટલે જ સાધુ બનવા સંસારની પ્રીત તોડવી પડે છે ત્યારે પ્રભુ પ્રત્યે પ્રીત જામે છે.

આપણે યોગબીજની વાત કરી રહ્યા છીએ. પહેલું બીજ પરમાત્મા મહાન લાગે. તેમનામાં આપણું ચિત્ત લાગે, ઠરે, પ્રભુને જોઈ હરખાય! પરમાત્માએ આ દુનિયાની કેવી શ્રેષ્ઠતમ્ ચીજ છે, તે નહિ સમજાય ત્યાં સુધી પૂજા વગેરે પ્રવૃત્તિ માત્ર પુણ્યબંધ કરાવીને ચાલી જશે, આત્મામાં યોગબીજો મૂકવા લાચાર બનશે.


અનુસંધાન પાના નં. ૧૪ ઉપર

# આતમ ઝંખે છૂટકારો...

## સામાયિક આવશ્યક

સામાયિક તે વિરતિ છે. પાપથી અટકવું, કષાય વિષયોથી નિવૃત્તિ તે વિરતિ છે. તેનાથી ધીરે ધીરે વૈરાગ્ય પ્રગટ થાય છે. જડ ચીજો ઉપર રાગ ન થવો તે વૈરાગ્ય છે. પ્રબળ વૈરાગી જીવને વિષયો ભયંકર લાગે છે. આગ જેવા લાગે છે એટલે તે તેના તરફ મુખ કરવા પણ તૈયાર થતો નથી. જ્યારે તેજ વિષયોને અમુક સમય સુધી અટકાવી દેવા. ચિત્તના સ્ક્રીન ઉપર આવવા ન દેવા તે વિરતિ છે. આ પણ એક મહત્ત્વની સાધના છે.

બે ઘડીની વિરતિ તે સામાયિક છે. જેને દેશવિરતિ પણ કહેવાય છે એટલે સાધુ ભગવંતોની આજીવન વિરતિની અપેક્ષાએ આ 'દેશ' રૂપ એટલે કે કંઈક ભાગરૂપ હોવાથી સામાયિક કરનાર દેશવિરતિવાળો કહેવાય છે. જ્યારે સાધુ ભગવંતો આવી વિરતિની પ્રતિજ્ઞા જીવનભર માટે કરે છે. વળી દેશવિરતિ સામાયિકમાં કોઈપણ પાપ કરીશ નહિ અને કરાવીશ નહિ એમ બે ભાંગાથી થાય છે. તેમાં તેની અનુમોદના પણ નહિ કરું'' તે ભાંગો હોતો નથી. કારણ ગૃહસ્થ સંસારમાં બેઠેલો હોઈ તેની પાસેની સંપત્તિ વગેરે પ્રત્યે મમત્ત્વ ભાવ બંધાયેલો જ હોય છે.



સામાયિકમાં પૈસા ન રાખે પરંતુ તેના બેંકમાં કે ઘરમાં કે કબાટમાં પડેલા પૈસા પ્રત્યે મમત્ત્વભાવ હોવાથી અનુમોદનાનો ભાંગો હોતો નથી. જ્યારે સર્વવિરતિ સામાયિક સાધુ ભગવંતોને હોય છે. તેઓ કરીશ નહિ, કરાવીશ નહિ કે પાપ કરવાની અનુમોદના પણ નહિ કરું. અર્થાત્ પાપ કરનારને હું સારો નહિ માનું. આવી પ્રતિજ્ઞા જિંદગીના અંત સુધી પાળવાની હોય છે.

સમભાવમાં રહેવું તે સામાયિક. તે ખરેખર સેલ્ફ હીલીંગ છે. આત્માની સારવાર છે. મન-વચન અને કાયાની ઉત્તમ સારવાર છે. ચોવીસ કલાક અંતરમાં ચાલતા રાગ-દ્વેષના ઉકાળાને શાંત કરવાની સારવાર તે સામાયિક છે. અસમાધિમાંથી સમાધિ તરફ લઈ જનાર સામાયિક છે. જીવને શાંત-પ્રશાંત પ્રવાહમાં લઈ જતી ક્રિયા સામાયિક છે. સમતાભાવને પામવા વિધિપૂર્વકની શાસ્ત્રોક્ત ક્રિયા તે સામાયિક છે અને આ સામાયિકનું પારમાર્થિક ફળ તે સમતાનો લાભ છે. શાંતિએ મનનો વિષય છે. જ્યારે સમતા તે આત્માનો વિષય છે. પોતાનામાં જ કરવાપણું તે સમતા છે.

સામાયિક નામની ક્રિયા એક સાથે અનેક કાર્યો કરે છે. મન-વચન-કાયાના ક્ષેત્રે અનેક લાભો કરાવે છે. તેનાથી માણસના વ્યવહારિક જીવનમાં તેમજ આધ્યાત્મિક જીવનમાં પણ અનેક લાભો થાય છે.

સામાયિક કરનારની પવિત્ર ઓરાના કારણે તેના સંપર્કમાં આવનારને પણ તેની અસર થાય છે. સંપર્કમાં આવનાર ક્ષણભર શાંતિની અનુભૂતિ કરી શકે છે. પછી સામાયિક કરનારને તો શું લાભ ન થાય?

સામાયિક ક્રિયા કરવા ચોક્કસ વિધિ શાસ્ત્રમાં બતાવી છે. તે મુજબ ૩૨ દોષોને ટાળવા પૂર્વક જો ભાવથી સામાયિક થાય તો તેના લાભની માણસને ચોક્કસ અનુભૂતિ થાય છે.

'કરેમિભંતે' સૂત્ર બોલી પ્રતિજ્ઞા કરી ૪૮ મિનિટ સમતા ભાવમાં રહેવાની ક્રિયા સામાયિક છે.તે સૂત્રમાં જ બે પ્રકારની પ્રતિજ્ઞા એટલે કે સંકલ્પ કરવાનું બતાવ્યું હોય છે. 'કરેમિભંતે સામાઈયં' એટલે હે ભગવાન ! હું સામાયિક કરું છું એટલે કે હું હવે સમતાભાવમાં રહેવાનો સંકલ્પ કરું છું. ત્યારપછી 'સાવજ્જં જોગં પચ્ચક્ખામિ' સૂત્ર બોલવા દ્વારા બીજો સંકલ્પ થાય છે, જેનાથી પાપ થાય તેવા એટલે સાવદ્ય એવા યોગોનું (મન-વચન-કાયા આ ત્રણ દ્વારા યોગ એટલે પ્રવૃત્તિ થાય છે.) હું પ્રત્યાખ્યાન કરું છું એટલે કે તે ન કરવાની પ્રતિજ્ઞા કરું છું.

આ પ્રતિજ્ઞાથી સામાયિક લેનાર તમામ પાપ પ્રવૃત્તિ એટલે મનથી અશુભ વિચારો, કાયાથી અશુભ-પાપ થાય તેવી તમામ ચેષ્ટાઓ (જવું-આવવું વગેરે ધર્મક્રિયા સિવાયની સંસાર બાબતની પ્રવૃત્તિ) તથા વચનથી પાપ થાય તેવી ભાષાનો હવે હું ઉપયોગ નહિ કરું ! તો હવે શું કરીશ ? તો કે મને સમતાભાવનો લાભ થાય તેવી મન-વચન-કાયાની શુભ પ્રવૃત્તિ જે ભગવાને કહી છે તે મુજબ શક્તિ ગોપવ્યા વિના યથાશક્તિ કરીશ. એટલે શાસ્ત્રોક્ત ધર્મક્રિયા (સ્વાધ્યાય વગેરે) કરીશ. આવો સંકલ્પ કરી ૪૮ મિનિટ સુધી સામાયિકભાવમાં રહેવાથી એક સામાયિક થાય છે. જેનું ફળ છે ૯૨,૫૯,૨૫,૯૨૫ પલ્યોપમનું દેવલોકનું આયુષ્ય બંધાય છે. એટલે કે ૯૨ કરોડથી અધિક પલ્યોપમ વર્ષો સુધી દેવલોકના સુખો ભોગવવા મળે તેટલા પુણ્યનું ઉત્પાદન એક સામાયિક દ્વારા થાય છે. આતો સ્થૂલથી ફળ બતાવ્યું છે. સમતાનો લાભ તે પારમાર્થિક ફળ છે. પરંપરાએ મોક્ષ છે.

પ્રથમ લાભ તો બે પ્રતિજ્ઞા કરવાથી મનમાં રહેલા તમામ વિષયો ઉપર થોડીવાર માટે (૨ ઘડી) પડદો પડી જાય છે. મન જે



શિબિરના લાભાર્થી : સુભાષભાઈ શાહ, શાન્તાક્રુઝ પરિવાર




શિબિરના લાભાર્થી : શ્રી તેજરાજજી હીરાચંદજી સંઘવી (રાજસ્થાન), મુંબઈ









**AEE, AVO, JAY, MINORITYના સેમિનાર**









ભાયખલા-પુના-ભિવંડી ગ્રુપોના ૨૫-૨૫ વર્ષોની પૂર્ણાહૂતિની યશોગાથા

મુઝે કુછ કહના હૈ...






પ્રથમ દિવસ સંચાલન : એલર્ટ પ્રિત ખંડોર, સુરત દ્વિતીય દિવસ સંચાલન : એલર્ટ સૌરભ શાહ, નડિયાદ તૃતીય દિવસ સંચાલન : એલર્ટ આગમ શાહ, અમદાવાદ





ત્રણે દિવસ સૂમધુર સંગીતની રમઝટ કરાવનાર એલર્ટ સંગીતકાર : મેહુલ, ચિરાગ, વિરાજ, ધર્મેશ

પ્રભુ ભક્તિ : થાળી નૃત્યુ




એલર્ટ લીડર્સ મીટીંગમાં માર્ગદર્શન આપતાં સરસેનાધિપતી શ્રી કલ્પેશભાઈ



જૈન એલર્ટ બેન્ડ સંગ વિશાળ શ્રમણ-શ્રમણી ભગવંતો તથા તમામ શિબિરાર્થીઓ સાથે ગુરુતીર્થ સ્પર્શના



પૂજ્ય ગુરુદેવશ્રી લેખિત પુસ્તક "આત્મા મારાથી મારા તરફ" ગુજરાતી તથા હિન્દીનું વિમોચન




૧૦-૧૦ નવા ગ્રુપોની સ્થાપના



વહેલી પરોઢે સમૂહ સિદ્ધચક્રની આરાધના કરતાં શિબિરાર્થીઓ




સંગીત સ્પર્ધા : પ્રથમ વિજેતા : રોમિલ શાહ




સંગીત સ્પર્ધા : દ્વિતીય વિજેતા : વત્સલ મહેતા, સુરત




સંગીત સ્પર્ધા : તૃતીય વિજેતા : હર્ષ શાહ, નાસિક



સેલ્ફીઝોન





એલર્ટ ગ્રુપ મારો પ્રાણ છે, મુજ હૃદયનો ધબકાર છે.



બહાર વિષયો અને કષાયો તરફ દોડતું હતું તે આ સંકલ્પથી તેની દોડવાની દિશા જ ફરી જાય છે. મનને સતત સંસાર તરફ દોડતું રાખનાર રાજા મોહ હતો જેના ઉપર આ બે સંકલ્પો એટેક કરી મનને આત્માના કબજામાં સોંપી દે છે એટલે આત્મા મોહભાવને છોડી હવે આત્મભાવ તરફ દૃષ્ટિ કરે છે. તેથી મન શાંત અને સ્થિર બનવા લાગે છે.

સામાયિક લેતાંની સાથે જ આરાધક શાંતિનો અનુભવ કરે છે અને આવા શાંત મનમાં જ સમતાની અનુભૂતિ શક્ય બને છે. સમતાનો અનુભવ કરનાર તે આનંદને બીજાને શબ્દો દ્વારા કે કોઈનીય પણ ઉપમા આપવા દ્વારા જણાવી શક્તો નથી. તેનો સુખદ અનુભવ પોતે જ કરે છે. એકવાર સમતાનો સહેજપણ સ્વાદ જેણે ચાખવા મળ્યો હોય તે વારંવાર સામાયિક કરવા લાલાયિત બને છે. આમ વારંવાર સામાયિક કરવા દ્વારા આરાધક વૈરાગ્ય વાસિત બનતો જાય છે. હવે તેને વિષય-કષાયોના તોફાનો ગમતા નથી. શાંતિ અને સમતાનો સ્વાદ ચાખ્યા પછી હવે વિષયો અને કષાયો તેને ત્રાસરૂપ લાગે છે. આ અંતરમાં આવતા અધ્યાત્મની નિશાની છે.

બધા રસોમાં જેમ શાંતરસ ઊંચો છે. તેમ બધા ભાવોમાં સમતાભાવ તે મોખરે છે, શ્રેષ્ઠ છે. આ ભાવ જ્યારે આત્મામાં આવે છે ત્યારે વિષય-કષાયોના ઉકાળા શાંત બની જાય છે. સંકલ્પો અને વિકલ્પોના જાળાંમાંથી મન શાંત બની જાય છે. આવી પરમશાંતિ અવસ્થાની ક્ષણો જેને માણી છે તેવા યોગીઓ વિષયો કે કષાયોને ક્યારેય ઈચ્છતા નથી. ઉદયમાં આવે તો તાબે થતા નથી કે તેનો જીવનમાં આવિર્ભાવ કરતા નથી. તેવા નિમિત્તોથી સદાય હજાર ગાઉ દૂર રહે છે. અમૃતને સ્વાદ કર્યા પછી બીજા સ્વાદ કરવા કયો મૂરખ જાય ? ગંગાજળથી પવિત્ર સ્નાન કર્યા પછી ગંદા ખાબોચિયામાં કોણ સ્નાન કરવા જાય ? માલતી ફુલનો બગીચો છોડી બાવળ ઉપર બેસવા કયું પક્ષી જાય ?

સામાયિક એ ખરેખર આજના બીઝી, ક્રેઝી અને ટેન્શનફુલ લાઈફના વિષચક્રમાં ફસાયેલા માટે ઔષધિ-મંત્ર સમાન છે. ડીપ્રેસનના હીલીંગ માટે અસરકારક યોગા કમ મેડીસિન છે. જેની પ્રસંશા ખુદ પરમાત્મા મહાવીરદેવે સ્વમુખે કરી છે.

જ્યારે મગધસમ્રાટ્ શ્રેણિક મહારાજાને ખબર પડી કે પોતે અહીંથી મૃત્યુબાદ નરકગતિમાં જવાના છે. ત્યારે ભય પામેલા પ્રભુ પાસે જઈ નરક ન જવું પડે તેનો ઉપાય પૂછવા લાગ્યા. ત્યારે પ્રભુ મહાવીરદેવે તેમના સમાધાન માટે રાજગૃહીમાં જ રહેતા પૂણિયા શ્રાવક પાસેથી સામાયિક લાવવાની ભલામણ કરી !

પ્રભુનો આ નુસ્ખો જ બતાવે છે કે, જો સામાયિક મળી શક્તું હોત તો તેનાથી નરકનું પણ નિવારણ થતું હોત ! પણ અફસોસ સામાયિક એ કોઈ ખરીદી લાવવાની ચીજ નથી પરંતુ તે જીવનો સમતાભાવ છે.

જેમ જેમ સામાયિક દ્વારા અંતરમાં સમતાભાવ વધતો જાય તેમ તેમ નરક, તિર્યંચ વગેરે અશુભ ગતિઓમાં જીવને જવાનું બંધ થાય. મનુષ્ય અને દેવગતિમાં ભ્રમણ કરતાં એકવાર તે બન્ને ગતિઓનો પણ છેદ થઈ જીવ પંચમગતિ એવી મોક્ષની પ્રાપ્તિ કરીને રહે છે !

પ્રભુના આ સામાયિકની ભલામણથી સામાયિકનું સામર્થ્ય કેટલું છે તે સહુએ વિચારવું જોઈએ એટલું જ નહિ જલદીમાં જલદી આચરણમાં મૂકવું જોઈએ.

જૈન ધર્મ એ પરા વિજ્ઞાનને લઈને ચાલનારો લોકોત્તર ધર્મ છે. આ ધર્મને બતાવનાર કેવલજ્ઞાની સચરાચર વિશ્વના ત્રણેકાળના સર્વ ભાવોને જોનાર અને જાણનાર તીર્થંકર પરમાત્માઓ છે. આવનાર અનંતકાળ રૂપી ભવિષ્યના કોઈ પર્યાયો તેમનાથી અજાણ્યા નથી. એટલે પ્રભુએ આપેલી તમામ ધર્મક્રિયાઓ જો શાસ્ત્રોક્ત વિધિમુજબ કરવામાં આવે તો વિધાઉટ ફેઈલ લાભ જ કરે. ક્યારેય નુકશાન ન કરે.

પરંતુ અફસોસની વાત તો એ છે કે, કેટલાય જૈનો ધર્મક્રિયાઓના વિજ્ઞાનને જાણી શક્યા નથી તેથી તેઓ આ ધર્મક્રિયાઓને કરવા ઉત્સાહિત થતા નથી. જાણકારોએ ધર્મક્રિયાઓથી થતા આલોક-પરલોકના લાભો વળી શારીરિક-માનસિક ક્ષેત્રે થતા લાભો તથા ભૌતિક અધ્યાત્મિક ક્ષેત્રે થતા લાભો જણાવી અજ્ઞાની જીવોને ભટકતા અટકાવવા પ્રયત્ન કરવો જોઈએ. તેઓને ધર્મક્રિયાઓમાં જોડવા જોઈએ.

જગતમાં પુણ્ય વિના એક પાંદડુંય હાલી શક્તું નથી. શ્વાસોશ્વાસ પણ પુણ્ય વિના લઈ શકાતા નથી. ત્યારે આ પુણ્યને થોકબંધ ઉત્પન્ન કરનાર લોકોત્તર ધર્મક્રિયાઓ છે. તે તેઓના ભેજામાં ઉતારવું જોઈએ. ભૌતિકવાદીએ પણ ભૌતિકસુખો માટે પુણ્યની જરૂર પડે જ છે અને તે પુણ્ય ધર્મ દ્વારા જ ઉત્પન્ન થાય છે. માટે જરાક માથુ ઠેકાણે લાવી ધર્મ-ધર્મ ક્રિયાઓની દિશામાં વિચારવું જોઈએ.

માત્ર સવારથી સાંજ પૈસા માટે ભટક્યા કરવાથી બધાને લક્ષ્મી આવીને ઘરમાં બેસી જતી નથી. પુણ્યશાળીને પગલે પગલે નિધાન પ્રગટે છે. જ્યારે પુણ્યહીનને દાટેલું સોનું પણ કાઢવા જાય ત્યારે માટી હાથમાં આવે છે.

સામાયિક નામનું અનુષ્ઠાન પુણ્યબંધ કરાવે છે. સાથે સાથે અંદર આદરભાવ ભળતાં પ્રભુની આજ્ઞા ભળતાં આત્મશુદ્ધિ

અનુસંધાન પાના નં. ૧૪ ઉપર

# ૩૭મી યુવા ઉત્કર્ષ શિબિર તથા એલર્ટ યુવા મહામિલન સમાપન

**તારીખ :** ૨૪-૨૫-૨૬ જાન્યુઆરી ૨૦, શુક્ર, શનિ, રવિ
**સ્થળ : શ્રી શત્રુંજયતીર્થધામ, ભુવનભાનુ માનસમંદિરમ્,** શહાપુર, જી. થાણા

**: પાવનનિશ્રા :**

**શાસનપ્રભાવક પૂ.આ.શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજા**

**પાવન ઉપસ્થિતિ :** પૂ.આ.શ્રી **વરબોધિસૂરીશ્વરજી** મ.સા., પૂ.આ.શ્રી **પદ્મસુંદરસૂરીશ્વરજી** મ.સા., પૂ.આ.શ્રી **કુલબોધિસૂરીશ્વરજી** મ.સા., પૂ.આ.શ્રી **હંસરત્નસૂરીશ્વરજી** મ.સા., પૂ.આ.શ્રી **યુગસુંદરસૂરીશ્વરજી** મ.સા., પૂ.આ.શ્રી **મલયકીર્તિસૂરીશ્વરજી** મ.સા., પૂ.આ.શ્રી **તત્ત્વદર્શનસૂરીશ્વરજી** મ.સા. તથા ૨૫૦થી અધિક સાધુ-સાધ્વીજી ભગવંતો

**માર્ગદર્શક :** પ્રાણીમિત્ર **શ્રી કુમારપાળ વી. શાહ,** સરસેનાધિપતિ **શ્રી કલ્પેશભાઈ વી. શાહ, જયેશભાઈ સી. ભણસાળી, પ્રકાશભાઈ આર. શાહ**

**અતિથિ :** માનસમંદિર ટ્રસ્ટીગણ તથા **રમેશભાઈ સંઘવી,** મુંબઈ

**: શિબિર સૌજન્ય :**

**માતુશ્રી લીલાબેન વેણીચંદ શાહ, શાન્તાક્રુઝ, મુંબઈ**
**શ્રી તેજરાજજી હીરાચંદજી સંઘવી (રાજસ્થાન), મુંબઈ**

**એલર્ટ ટ્રોફી મેળવનાર ગ્રુપ તથા ટોપટેન યુવાનો**

- **ઈન્ડીયા ટ્રોફી : એલર્ટ ગ્રુપ ઓફ ભીવંડી**
- **મહારાષ્ટ્ર ટ્રોફી : એલર્ટ ગ્રુપ ઓફ ડાયમંડ બજાર**
- **ગુજરાત ટ્રોફી : એલર્ટ ગ્રુપ ઓફ ભરૂચ**

**ટોપટેન યુવાનો :**

❖ **મહેક કીર્તિભાઈ શાહ** - ડોમ્બીવલી ❖ **રાજકુમાર સી. શાહ** - ભાયંદર ❖ **જિજ્ઞેશભાઈ શાહ** - વસઈ ❖ **મૃણાલ બી. શાહ** - પૂના ❖ **હર્ષ અભિજીત શાહ** - નાશિક ❖ **ગૌરવ દુગ્ગડ** - શિવપુર ❖ **મનીષભાઈ** - બરોડા ❖ **અભયભાઈ પરીખ** - મેઘાણીનગર ❖ **પરાગભાઈ** - પેટલાદ ❖ **વિરલ દોશી** - સેટેલાઈટ ❖ **વિશાલભાઈ** - ધાંગધ્રા

યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.શ્રી **હેમરત્નસૂરીશ્વરજી** મહારાજા સ્થાપિત એલર્ટ ગ્રુપની ૩૭મી યુવા ઉત્કર્ષ શિબિર તથા એલર્ટ યુવા મહામિલન પૂજ્યોની નિશ્રામાં માનસમંદિર તીર્થે યોજાયું હતું.

આ વખતે શિબિરમાં ૯ રાજ્યોમાંથી કુલ ૧૮૦૦ જેટલા યુવાનોએ ભાગ લીધો હતો. લગભગ ૫૦ ટકા જેટલા યુવાનો નવા શિબિરાર્થી તરીકે જોડાયા હતા. શિબિરમાં પ્રવેશ તથા શિબિરમાં યોજાનાર વિવિધ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઈન પોર્ટલની સુવિધા આપવામાં આવી હતી.

તા.૨૪ની સવારે ૫-૩૦ થી યુવાનોની પધરામણી શરૂ થઈ હતી. **અમદાવાદ-સેટેલાઈટ** ગ્રુપે યુવાનોનું રજીસ્ટ્રેશન કાઉન્ટર સંભાળ્યું હતું. ૩૫૦૦ જેટલા યુવાનોને સમાવતો વિશાળ મંડપ ઊભો કરવામાં આવ્યો હતો તથા ત્રણે ટાઈમની ભોજન વ્યવસ્થા ભોજનશાળામાં રાખવામાં આવી હતી.

નવકારશી બાદ સ.૯-૦૦ કલાકે શિબિરની શરૂઆત થઈ હતી. આજનું સ્ટેજ સંચાલન એલર્ટ પ્રીત શાહે સંભાળ્યું હતું. પૂજ્ય આચાર્ય ભગવંતો સ્ટેજ ઉપર પધારતાં સભામંડપ ગાજી ઉઠ્યો હતો. **"ભુવનભાનુના અજવાળા"** સુમધુર ગીત સંગીત બાદ પૂજ્યશ્રીનું પ્રેરક પ્રવચન શરૂ થયું હતું. પ્રવચન દરમ્યાન પૂ.ભુવનભાનુસૂરિ મ.નું પુસ્તક **''Desire of Disaster''**નું વિમોચન થયું હતું.

બપોરે ૧૨ વાગે ભોજન બાદ ૧-૩૦ કલાકે **હેતલભાઈ** દ્વારા યુવાનોને લઘુમતીમાં મળતા ફાયદાની યોજનાઓ તથા માહિતી આપવામાં આવી હતી. આ સમયે અષ્ટાપદ ધર્મશાળામાં જૈન એમ્બેસેડર યોજનાનો સેમીનાર રાખવામાં આવ્યો હતો. જેમાં **રાકેશભાઈ શાહ** તથા **હેમલ શાહે** યુવાનોને શ્રીસંઘોમાં જઈ ધાર્મિક કાર્યક્રમો તથા પર્યુષણપર્વની આરાધના માટે માર્ગદર્શન આપ્યું હતું. અનેક યુવાનોએ આ યોજનામાં જોડાવાની તૈયારી બતાવી હતી.

બપોરે ૩-૦૦ કલાકે પ્રવચન રહ્યું. સાંજે ૫-૦૦ કલાકે સાંધ્યભોજન બાદ ૬-૧૫ કલાકે વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંગીત સ્પર્ધામાં ૭૦ યુવાનોએ ભાગ લીધો હતો. જેમાંથી ૩ યુવાનોએ બેસ્ટ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે તીર્થના ટ્રસ્ટીશ્રી **મિનેશભાઈ શાહ, મેહુલ શાહ, વૈભવ શાહ** તથા **વિરાગ શાહ**ને મૂકવામાં આવ્યા હતા.

આ સાથે વક્તૃત્વ સ્પર્ધામાં ૫૦ યુવાનો જોડાયા હતા. તેમાં નિર્ણાયક તરીકે **અમીત દોશી, હેતલભાઈ (વિક્રોલી), હેતલભાઈ (અમદાવાદ)** તથા **રાજનભાઈ**એ સેવા આપી હતી. રાત્રે ૮-૩૦ કલાકે જૈન એલર્ટ એક્ટીવિટિ પ્રોગ્રામ(**JAAP**) રાખવામાં આવ્યો હતો. જેમાં અનેક ગ્રુપોના લીડરોએ તથા ૨૫ વર્ષ પૂરા કરનાર ગ્રુપો ભાયખલા, ભીવંડી તથા પૂના ગ્રુપના લીડરોએ વિસ્તૃત માહિતી આપી હતી. નવા આવેલા યુવાનોને ઘણી પ્રેરણા મળી હતી.

શિબિરના બીજા દિવસે સવારે ૬-૦૦ કલાકે પ્રવચન મંડપમાં શ્રી સિદ્ધચક્ર સંક્ષિપ્ત આરાધના રાખવામાં આવી હતી. **પૂ.પં.પદ્મબોધિ** વિ.મ. જે પૂજનનું મહત્ત્વ સમજાવ્યું હતું. ત્યારબાદ નવકારશી કરી યુવાનો સમયસર પ્રવચન મંડપમાં ગોઠવાઈ ગયા હતા. સ્ટેજ સંચાલન એલર્ટ **સૌરભે** (નડિયાદ)

કર્યું હતું. **શ્રી કલ્પેશભાઈ**એ પ્રાસંગિક વક્તવ્ય આપી આવનાર યુવાનોમાં ઉત્સાહ પૂર્યો હતો. સ્પર્ધામાં જોડાયેલા યુવાનોની અનુમોદના કરી હતી. માનસમંદિરમાં સેવા આપતા ટ્રસ્ટીગણનો યુવાનોને પરિચય કરાવ્યો હતો.

પ્રવચન દરમ્યાન બાળકો અને યુવાનો માટે પ્રકાશિત થતું **Kingmaker** મેગેઝીનનું વિમોચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રવચન શરૂ થયું હતું. ભોજનબાદ ૧-૩૦ કલાકે અષ્ટાપદ ધર્મશાળામાં **AEE** સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તે વખતે મુખ્ય પ્રવચન મંડપમાં **AVO** વ્યાપાર ઓર્ગેનાઈઝેશનનો પણ સેમીનાર ગોઠવવામાં આવ્યો હતો. બપોરે ૨-૩૦ કલાકે ઍલર્ટ લીડર્સની મિટિંગ તથા ૩-૩૦ બાદ પ્રવચન થયું હતું. પ્રવચન દરમ્યાન જિનશાસનના સુંદર કાર્યો કરનાર શ્રી **રમેશભાઈ સંઘવી**નો પરિચય યુવાનોને **જિનેશભાઈ**એ કરાવ્યો હતો. **શ્રી રમેશભાઈ સંઘવી**એ ઍલર્ટ ગ્રુપ માટે દરેક રીતે સહાયક થવાની જાહેરાત કરી હતી.

સાંજે વાળુ બાદ ૬-૧૫ થી ૭-૧૫ ગઈકાલના સ્પર્ધકો વચ્ચે ઓડીશન થયું હતું. ત્યારબાદ **"મુઝે કુછ કહના હૈ"** કાર્યક્રમમાં યુવાનોએ પોતાના અનુભવોને વ્યક્ત કર્યા હતા.

ત્રીજા અને અંતિમ દિવસે સવારે ૬-૦૦ કલાકે એક અદ્‌ભુત કાર્યક્રમ યુવાનોએ નિહાળ્યો હતો. ૧૮૦૦ યુવાનો કતારબંધ ગુરુભગવંતોની સાથે ઍલર્ટ બેન્ડ સહિત પૂ.ગુરુદેવના સમાધિ સ્થાને આવ્યા હતા તથા **ઍલર્ટ આગમ શાહે** પૂ.ગુરુદેવ સામે આપેલી ભાવ સંવેદનાથી તમામ યુવાનોની આંખડી ભીંજાઈ ગઈ હતી. સંવેદનામાં પૂ.ગુરુદેવનું જીવન કવન વણી લેવામાં આવ્યું હતું. શિબિરમાં આ સૌથી અદ્‌ભુત કાર્યક્રમ રહ્યો હતો.

નવકારશી બાદ ૯-૦૦ કલાકે પ્રવચન પૂર્વે સ્પર્ધાના વિજેતાઓના નામ જાહેર કરવામાં આવ્યા હતા. વક્તૃત્વ સ્પર્ધામાં (૧) **વિદિત શાહ** - અમદાવાદ (૨) **તીર્થ શાહ** - નાશીક (૩) **ઋષભ શાહ** - ઈન્દૌર. **સંગીત સ્પર્ધા :** (૧) **રોમીલ શાહ** - અમદાવાદ (૨) **વત્સલ મહેતા** - સુરત (૩) **હર્ષ શાહ** - નાશીક. ત્યારબાદ ઍલર્ટ ટોપટેનમાં અગિયાર યુવાનોને શિલ્ડ આપવામાં આપ્યા હતા. ત્યારબાદ ટ્રોફી વિતરણ શરૂ થતાં સભામાં અપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. પૂજ્યશ્રીના હાથે ત્રણે ટ્રોફી ગ્રુપોને અર્પણ કરવામાં આવી હતી.

સરસેનાધિપતિ **કલ્પેશભાઈ**એ ત્રણે દિવસની શિબિરના સંસ્મરણો લઈ ઍલર્ટની ઍક્ટીવિટીઓ દ્વારા કેટલા લાભ થયા છે. તેની સુંદર માહિતી આપી હતી. ૭૦૦ જેટલા યુવાનો ઍલર્ટ દ્વારા રોજગારી મેળવી છે. ગ્રુપ માટે વધુ સમય આપનાર **પલકભાઈ**ને યાદ કર્યા હતા. પૂજ્યશ્રીના સ્વાસ્થ્ય માટે યુવાનોએ પ્રાર્થના કરી હતી. આ પળે કલ્પેશભાઈ પણ રડી પડ્યા હતા.

છેલ્લે પૂજ્યશ્રીએ હિતશિક્ષા ફરમાવી ગુરુ સમર્પણનો મંત્ર આપી યુવાનોને વિદાય આપી હતી. શિબિર દરમ્યાન તીર્થનું ટ્રસ્ટીમંડળ, મેનેજમેન્ટ તથા સ્ટાફે સુંદર સહકાર આપ્યો હતો.


**સ્થળ : મણીલક્ષ્મી જૈન તીર્થ**, વડોદરા-ભાવનગર હાઈવે, તારાપુર ચોકડી પાસે, ગુજરાત.

**નિશ્રા :** યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.**હેમરત્નસૂરીશ્વરજી** મ.ના શિષ્યરત્ન પ્રવચનકાર **પૂ.મુનિશ્રી હૃદયરત્ન વિ.મ.** આદિ ઠાણા-૮



**Vande SHASHANAM**

**Date : 10 to 16, May 2020**

**વૈશાખ વદ ૩ થી વૈ.વ.૯, રવિવાર થી શનિવાર**

**7 days Teenagers Vacation Shibir (12 to 25 years of boys only)**

**સંપર્ક : અમદાવાદ : પલક શાહ : 9825433715, હેતલ શાહ : 9427417299, હેમલ શાહ : 9979965301**

**❖ ચરોતર ગ્રુપ : હાર્દિક શાહ (આણંદ) : 9377666641, હેનલ શાહ (પેટલાદ) : 9427387070**

**❖ મુંબઈ : ઍલર્ટ ઑફિસ (ભાયખલા) : 8879776354 ❖ પ્રિન્સ ધોકા (ઠાણા) : 9869481384**

અનુસંધાન પાના નં. ૧૧ ઉપરથી

કરાવે છે. તેનાથી સાધકનો સર્વાંગી વિકાસ થાય છે.

જૈન સમાજમાં 'સામાયિક' એ જાણે ડોસા-ડોસીએ નવરાશની પળોમાં કરવાનો ધર્મ કરી નાખ્યો છે. યુવાનો સામાયિકથી દૂર ભાગે છે. વેપારીઓ સામાયિક લેતાં શરમાય છે. જાણે સામાયિક એ નવરા-ફાલતુ-કામ વિનાના લોકોનો ધર્મ ન હોય તેવી દૃષ્ટિથી જુએ છે ! સામાયિકની ઉપેક્ષા જીવનમાં શાંતિ ક્યારેય ન આવે એવા કર્મો બંધાવે છે. સામાયિક કરનારનો તિરસ્કાર, અપમાન તેને હીન નજરે જોનાર અંતે તો પ્રભુની આશાતના કરે છે. ઘોર પાપોને બાંધે છે. ભવાંતરમાં જિનશાસન ન મળે તેવા કર્મો સ્વયં નિર્માણ કરે છે. માટે જરા વિચારો.

સામાયિકને પ્રભુએ આવશ્યક કહ્યું છે તે દરેક જૈને દિવસ અને રાત્રિ દરમ્યાન અવશ્ય કરવું જોઈએ. જોકે વર્તમાનમાં પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો દ્વારા અનેક શ્રીસંઘોમાં જાગૃતિ આવી છે. બાળકોમાં સામાયિકની સ્પર્ધાઓ થાય છે. સમૂહ સામાયિકના આયોજનો થાય છે. સામાયિક કરનારની પ્રભાવનાઓ થાય છે. સામાયિક કરવા હવે સુખી સંપન્ન શ્રેષ્ઠિઓ પણ આવવા લાગ્યા છે. તે ખરેખર આજના કાળની સારી નિશાની છે.

હવેથી યુવા ઉત્કર્ષ શિબિરોમાં પણ દરેક યુવાનો સામાયિક લઈને પ્રવચનો સાંભળશે. એક સાથે હજારો યુવાનોની ધવલ વસ્ત્રોમાં સભા કેવી શોભશે ?

તમે તમારા દિવસ દરમ્યાનના કાર્યોમાંથી એક કલાક કાઢો. તમારી લાઈફ સ્ટાઈલમાં સામાયિકને સ્થાન આપો.

શ્રાવકના બાર વ્રતોમાં ૯ મું વ્રત સામાયિક છે. જે ભાગ્યશાળીઓ પોતાના જીવનમાં અણુવ્રતો ધારણ કરે છે સાથે ૪ શિક્ષાવ્રત અને ૩ ગુણવ્રતોને પણ લઈ બારવ્રતનું પાલન કરે છે તેઓ વર્ષ દરમ્યાન અમુક સામાયિક કરવાનો નિયમ કરે છે.

નિયમ કરવાથી સામાયિક અનુષ્ઠાન પ્રત્યે રાગ બંધાય છે. તેથી સંસારનો રાગ કપાતો જાય છે. વધુ આત્મશુદ્ધિ થતાં તેના ઉપર આદર-અતિઆદર પ્રગટે છે. પછી તે આત્મા ભાવ સામાયિકની યોગ્યતાને પ્રાપ્ત કરે છે.

સમતાનો ગુણ લાવવા સામાયિકનો નિયમ, તેનું દઢપણે પાલન ખૂબ જરૂરી છે. તે નિયમથી થતો પરમાર્થિક લાભ સમતા સાચવી લે છે. કહેવાય છે કે ધર્મના તમામ યોગોથી-ક્રિયાઓથી લાવવાની ચીજ તે સમતા છે. **શ્રુતશ્રામણ્યયોગાનાં પ્રપશ્ચ સામ્યહેતવે:** - તમામ આરાધનાનો હેતુ તો સામ્ય છે - સમતા છે.

ક્રમશઃ

અનુસંધાન પાના નં. ૫ ઉપરથી

**આરાધના સાચી ક્યારે બને ?**

જિનેશ્વરદેવનું મનથી કુશળ ચિંતન, વચનથી સ્તુતિ વગેરે બોલવા, કાયાથી પૂજા-ખમાસમણા વગેરે આપવા તે પ્રવૃત્તિ પહેલું યોગબીજ છે. આ બધી પ્રવૃત્તિમાં કેન્દ્રમાં પરમાત્મા તીર્થંકરદેવ છે.

તમે વિચારો, પરમાત્માએ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને શું કર્યું ? પ્રભુએ આ જગતનું યથાર્થ દર્શન કર્યું, સંસારનું સ્વરૂપ નિહાળ્યું અને આપણને બતાવ્યું. વિશ્વની વ્યવસ્થા બતાવી. જોયું કે પ્રાણીઓ દુઃખોથી પીડાઈ રહ્યા છે. આખોય સંસાર આધિ-વ્યાધિ અને ઉપાધિથી ભરેલો છે. તેઓશ્રીએ જોયું કે બધાથી મુક્ત એક એવી વ્યવસ્થા છે જ્યાં જઈ શકાય છે જેને મોક્ષ કહેવામાં આવ્યો.

પ્રભુએ આત્માનું સ્વરૂપ જોયું સાથે કર્મોની માયાજાળ પણ જોઈ. આત્મા નિત્ય છે. કર્મો જડતત્ત્વ છે તે બન્નેનો અનાદિકાળથી સંબંધ થયેલો છે. આત્મા જ કર્મનો કર્તા છે અને આત્મા જ કર્મોનો ભોક્તા છે. અનાદિથી કર્મ સાથે બંધાયેલો આત્મા મુક્ત થઈ શકે છે અને તે મુક્ત થવાના ઉપાયો પણ છે.

ક્રમશઃ


॥ શ્રી આદિનાથાય નમઃ ॥

**શ્રી શત્રુંજયતીર્થધામ-ભુવનભાનુ માનસમંદિરે (જિ. થાણા)**

**૨૩મી છ'ગાઉ ભાવયાત્રા ફાગણફેરી**

**પાવનદિવસ :** ફાગણ સુદ ૧૨-૧૩, શનિવાર, તા.૭-૩-૨૦૨૦

**પાવનનિશ્રા :** અનેક પૂજ્યપાદ સાધુ-સાધ્વીજી ભગવંતો

● પૂજ્યો સાથે વાજતે-ગાજતે વિધિપૂર્વક યાત્રા
● બારેય જિનાલયોમાં શણગાર, પ્રભુજીને આંગી
● મુખ્ય જિનાલયમાં વિશિષ્ટ આંગી-શણગાર
● જયતળેટી જિનાલયે વિશાળ મંડપ
● ૪૦થી અધિક શ્રીસંઘો-ગ્રુપો તરફથી પાલની વ્યવસ્થા. ● ઠેર ઠેર પરબો, વિરામસ્થાનો.
● સુરક્ષા વ્યવસ્થા. ● વિવિધ પ્રદર્શનો.

દર વર્ષે થતું ૨૫થી ૬૦ હજાર આરાધકોનું આગમન

ભારતભરના જૈનોને યાત્રા માટે માનસમંદિર તીર્થ સહર્ષ આવકારે છે.




વકૃત્વ સ્પર્ધાના પ્રથમ વિજેતા : વિદીત શાહ, અમદાવાદ




વકૃત્વ સ્પર્ધાના દ્વિતીય વિજેતા : તીર્થ શાહ, નાસીક



વકૃત્વ સ્પર્ધાના તૃતીય વિજેતા : ઋષભ વૈદ, ઈન્દોર



વિવિધ Initiativeમાં ઉત્કૃષ્ટ કાર્ય કરનાર યુવાનોનું બહુમાન






વિવિધ Initiativeમાં ઉત્કૃષ્ટ કાર્ય કરનાર યુવાનોનું બહુમાન



શિબિરની પૂર્ણાહુતિએ હર્ષ - આનંદોત્સવમાં મગ્ન શિબિરાર્થીઓ




શાહપુર તીર્થના ટ્રસ્ટીઓની અનુમોદના કરતાં એલર્ટ લીડર્સ

સૌજન્ય : સ્વ. કાન્તાબેન ચંદુલાલ મહેતા, ભાયખલા, મુંબઈ

RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi)
Publish & Posted 16th of every month at Ahd. PSO

Reg.No. : GAMC 988 / 2018-2020 Issued by SSP Valid up to 31-12-2020
Licence to Post without Prepayment LPWP Licence No. : PMG/HQ/058/2018-20 Valid up to 31-12-2020




ઈન્ડીયા ટ્રોફીના વિજેતા : એલર્ટ ગ્રુપ ઓફ ભીવંડી




ગુજરાત ટ્રોફી : એલર્ટ ગ્રુપ ઓફ ભરૂચ




મહારાષ્ટ્ર ટ્રોફી : એલર્ટ ગ્રુપ ઓફ ડાયમંડ બજાર




એલર્ટ ટોપટેન યુવાનો

**માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : 079-27681317

**તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ**
**મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.**

To,

SAMYAK - 98245 15514